ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# ભારતીય ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગ અને કોરોના વાઈરસ

**અંજના એસ. પિલોજપરા**

**Ph. D. Scholar (Economics)**

**સારાંશ**

પ્રસ્તુત સંશોધન પેપર મુખ્યત્વે ગૌણ માહિતી પર આધારિત છે, પરંતુ ભારતીય સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગ પર કોરોના વાઈરસને કારણે શું અસર થઇ ? ભવિષ્યમાં આ ઉદ્યોગ સમક્ષ કેવા પડકારો હશે ? આ ઉદ્યોગ સમક્ષ કઇ તકો સર્જાશે ? આ બાબતો માટે કેટલાક લોકોનો ટેલેફોનિક સંપર્ક કરીને કેટલીક માહિતી મેળવેલ છે. જેમાં કેટલાક ઉત્પાદકો, વિક્રેતાઓ અને ગ્રાહકો પણ સામેલ છે. ભારતમાં ફેલાયેલ **COVID-19 રોગ**ને કારણે ભારતીય સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગની વર્તમાન પરિસ્થિતિ શું છે ? આવનારો સમય આ ઉદ્યોગ માટે કેવો રહેશે ? વગેરે બાબતોની વિશેષ છણાવટ આ પેપરમાં કરેલ છે. **25 માર્ચ, 2020**થી સમગ્ર ભારતમાં લોકડાઉનની ઘોષણા થઈ, જે **14 એપ્રિલ, 2020** સુધી **21 દિવસ**નું હતું. લોકડાઉનની સાથે જ મોટાભાગના ઉદ્યોગ પણ બંધ થયા. **રેસ્ટોરાઓ , હોટેલો, સ્ટ્રીટ ફૂડ ઝોન, બેકરીઓ વગેરેને પણ તાળાં લાગી ગયા. ભારતના પેકેજ્ડ ઉદ્યોગને ભારે ફટકો લાગ્યો. આમ, ભારતીય ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગ હાલ પુરતો બંધ થયો.** મોટાભાગની ફેકટરીઓ બંધ થઈ ગઈ, સપ્લાય ચેન તૂટી પડી, વિતરણ સ્થગિત થયું. લોકડાઉનના પ્રથમ તબક્કા દરમિયાન આ ઉદ્યોગ સંપૂર્ણ બંધ રહ્યો. **લોકડાઉનના બીજા તબક્કા 15 એપ્રિલ, 2020થી 3 મે, 2020** દરમિયાન કેટલાક ઉદ્યોગોને શરતોને આધિન ફરી શરુ કરવાની પરવાનગી મળી. **જેમાં ખાદ્ય ઉત્પાદનોને આવશ્યક ચીજવસ્તુઓ ગણીને ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગને પણ 20 એપ્રિલ, 2020થી શરુ કરવાની છૂટ મળી.** **જોકે ભારતના કેટલાંક વિસ્તારોમાં જ અને એ પણ શરતી મંજુરી કે જ્યાં COVID-19 રોગની અસર ખૂબ ઓછી હોય ત્યાં જ.** આ સંશોધન પેપરમાં ભારતીય સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગ પર COVID-19 રોગ(કોરોના)ની અસરને બે ભાગમાં વિભાજીત કરવામાં આવી છે.

1. **COVID-19 રોગ(કોરોના)ના લીધે સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગની વર્તમાન સ્થિતિ**
2. **COVID-19 રોગ(કોરોના)ના લીધે સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગની ભવિષ્યની સ્થિતિ**

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઈને આ સંશોધન પેપર તૈયાર કરેલ છે. જેની સંપૂર્ણ છણાવટ સંશોધન પપેરમાં કરેલ છે. આવનારો સમય આ ઉદ્યોગ માટે શું લઈને આવશે તે તો જોવું જ રહ્યું, પરંતુ હાલની સ્થિતિ સંદર્ભે આ સંશોધન પેપર રજૂ કરેલ છે.

**પ્રસ્તાવના**

આજે વિશ્વ એક જૂદા જ પ્રકારની અચાનક ત્રાટકેલી વૈશ્વિક મહામારી COVID-19 રોગ(કોરોના)ની ઝપેટમાં આવી ચૂક્યું છે. COVID-19 રોગ(કોરોના)ના સંક્રમણના પરિણામો વિશ્વ માટે વિનાશક રહ્યા છે. ભવિષ્યની અનિશ્ચિતતા વિષે કશું કહી શકાય તેમ નથી. જેમાં ભારત પણ બાકાત નથી. જોકે આ મહામારીનો સામનો કરી રહેલાં વિકસિત દેશોની તુલનામાં ભારતની સ્થિતિ હાલ વધુ સારી માનવામાં આવે છે. છતાં ભારતને થયેલ જાનહાની અને આર્થિક નુકસાન અવગણી શકાય તેમ નથી. ભારતમાં છેલ્લાં કેટલાંક દિવસોથી ખેતી, ઉદ્યોગ અને સેવા ત્રણેય ક્ષેત્રો આર્થિક નુકસાનનો સામનો કરી રહ્યા છે. લોકડાઉન **25 માર્ચ, 2020થી 14 એપ્રિલ, 2020 પછી ક્રમશઃ બે તબક્કામાં વધારવામાં આવ્યું છે.** હાલ લોકડાઉનનો ત્રીજો તબક્કો ચાલી રહ્યો છે, જે **17 મે, 2020** સુધીનો છે. જોકે 20 એપ્રિલથી ગ્રીન ઝોન અને ઓરેન્જ ઝોન જાહેર કરેલા વિસ્તારમાં કેટલીક છૂટછાટ આપવામાં આવેલ છે. ભારતમાં મોટાભાગના ઉદ્યોગ આર્થિક નુકસાનનો સામનો કરી રહ્યા છે. એવો જ એક ઉદ્યોગ એટલે સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગ. ખાદ્ય ઉત્પાદનોને આવશ્યક ચીજવસ્તુઓ ગણીને ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગને પણ 20 એપ્રિલ, 2020થી શરુ કરવાની છૂટ મળી. જોકે ભારતના કેટલાંક વિસ્તારોમાં જ અને એ પણ શરતી મંજુરી કે જ્યાં COVID-19 રોગની અસર ખૂબ ઓછી હોય.

**હેતુઓ**

1. **ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગનો પરિચય આપવો.**
2. **કોરોના વાઈરસને લીધે ભારતીય સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગની વર્તમાન અને ભવિષ્યની સ્થિતિ તપાસવી.**

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

## ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગનો પરિચય

ખાદ્ય એટલે ખોરાક. **"ખોરાક એટલે જીવનને ટકાવી રાખવા, ઊર્જા મેળવવા, વૃદ્ધિ માટે ખાવામાં આવતા કે શરીરમાં લેવામાં આવતા કોઈ પણ પૌષ્ટિક પદાર્થો."** દરેક દેશ ખોરાકને પોતાની સંસ્કૃતિના સંદર્ભમાં વ્યાખ્યાયિત કરે છે. ખોરાકમાં ખાદ્ય પદાર્થો ઉપરાંત પીણાંઓનો પણ સમાવેશ થાય છે. **"ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગ એટલે ખાદ્ય પેદાશો પર પ્રક્રિયા કરતાં એકમોનો સમૂહ તેમજ અંતિમ વાપરશી ખાદ્ય પેદાશો બનાવતાં એકમોનો સમૂહ."** આ સંશોધન પેપરમાં માત્ર સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગને જ ધ્યાનમાં લીધેલ છે.

**ભારતીય સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગને મુખ્યત્વે બે ભાગમાં વિભાજીત કરી શકાય.**

i. **ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ**

ii. **ફૂડ પ્રોડક્ટ ઉદ્યોગ ( વપરાશી ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગ )** પીણાંઓ બનાવતાં એકમો પણ ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગનો જ એક ભાગ છે. ભારતીય ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગ સંગઠિત અને અસંગઠિત એમ બંને ક્ષેત્રોમાં વિભાજીત થયેલ છે. આ સંશોધન પેપરમાં માત્ર સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગની જ વાત કરવામાં આવી છે. ભારતમાં સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગ પાંચમાં ક્રમનો મોટો ઉદ્યોગ છે. ઉત્પાદન, આવક, વપરાશ અને નિકાસની દ્રષ્ટિએ પણ પાંચમો ક્રમ ધરાવે છે. કુલ રાષ્ટ્રીય આવકમાં આ ઉદ્યોગનો હિસ્સો નોંધપાત્ર છે. નફાની દ્રષ્ટિએ ખૂબ મહત્વ ધરાવે છે. આ ઉદ્યોગના કેટલાંક એકમો 100 ટકા નિકાસલક્ષી છે, પ્રોત્સાહક FDI મેળવે છે, CAGR 20 ટકા જેટલો છે. ખાદ્ય ઉત્પાદન મંત્રાલય દ્વારા ખાદ્ય સલામતી અને ધોરણોની સ્થાપના માટે FSSAIની રચના કરવામાં આવી છે. ઉપરાંત MOFPI દ્વારા ISO નંબર પણ અપાયા છે. આમ, આ ઉદ્યોગ વિકાસની દ્રષ્ટિએ હરણફાળ ભરતો એક ઉદ્યોગ છે. જોકે આ સ્થિતિ COVID-19 રોગ(કોરોના)ના આક્રમણ પહેલાની છે.

**આ સંશોધન પેપરમાં ભારતીય સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગ પર COVID-19 રોગ(કોરોના)ની અસરને બે ભાગમાં વિભાજીત કરવામાં આવી છે.**

## 1. COVID-19 રોગ(કોરોના)ના લીધે સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગની વર્તમાન સ્થિતિ

COVID-19 રોગચાળા(કોરોના)ના તાંડવ વચ્ચે ભારતીય ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગની વર્તમાન સ્થિતિ ખૂબજ અસમતુલિત બની છે. ખાદ્ય ઉત્પાદનોને આવશ્યક ચીજવસ્તુઓ ગણીને સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગને પણ 20 એપ્રિલ, 2020થી શરુ કરવાની શરતી છૂટ મળી. ભારતીય સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગની વર્તમાન સ્થિતિ વિગતે આ મુજબ રજૂ કરેલ છે.

- ખાદ્ય ઉત્પાદન એકમોની સપ્લાય ચેન તૂટી પડી છે. તેથી વિતરણ વ્યવસ્થા હાલ ખોરંભાય છે.
- લોકડાઉન દરમિયાન સેંકડો કામદારો પોતાના વતનમાં ચાલ્યા ગયા છે. તેથી કામદારોની અછત વર્તાય છે. જોકે બહુ સીમિત કામદારો સાથે જ એકમો શરુ કરવાની પરવાનગી મળી છે. **"with just few people I can't run a factory"- Girish Gupta CEO – Foodies Groups of Consultant.** જેઓ બટેટાની વેફર્સના ઉત્પાદક પણ છે.
- આ એકમોમાં ઘણી મોટી માત્રામાં મહિલા કામદારો પણ છે. જેને લોકડાઉન દરમિયાન અનેક ઘરેલું અને સામાજિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. તેથી મહિલા કામદારોની પણ અછત છે.
- કેટલાંક રાજ્યોમાં કામદારોને COVID – 19 રોગના ખતરાને કારણે ક્વોરનટાઈન કર્યા છે. **(લોલની બેકરી ઉત્પાદન યુનિટ, ઉતરાખંડ)** વળી, મજુરોને ફેક્ટરીમાં જ રાખવા એવો આદેશ છે. **(જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરીની માર્ગદર્શિકા)** આથી મજૂર વ્યવસ્થાપનના પણ પ્રશ્નો ઉપસ્થિત થયાં છે.
- આંતરરાજ્ય અને આંતરરાષ્ટ્રીય વેપારમાં ભંગાણ પડયું છે કારણ કે COVID – 19 રોગના કારણે વાહન વ્યવહાર ખોરંભાયો છે. બંદરો સત્તાવાર રીતે ખુલ્લાં છે પણ કાર્યરત નથી. કેટલાંક ટ્રકચાલકોના લાયસન્સ પૂરા થાય છે તો કેટલાંકના રીન્યુ કરાવવાના છે. લોકડાઉનની આંતરરાજ્ય વાહનવ્યવહાર પર પણ અસર પડી છે. આથી કેટલાંક ખાદ્ય ઉત્પાદકો લોકડાઉન પૂર્ણ થવાની રાહ જોવે છે.

- લોકડાઉન પછી પણ **NRAI ( National Restaurant Association of India )ના અહેવાલ મુજબ 2020માં ભારતીય રેસ્ટોરાં અને ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગને આશરે 80,000 કરોડ રૂપિયાનું નુકસાન થશે.**
- દેશમાં સામાજિક અંતરના કડક નિયમોને કારણે સભાઓ, લગ્નો, સામાજિક મેળાવળાઓ, ઉજવણીઓ જેવા કાર્યો બંધ છે. રોગનું સંક્રમણ એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં સરળતાથી થતું હોવાથી ખાદ્ય ઉત્પાદકોમાં ડરનું વાતાવરણ છે. **કંપનીના અધ્યક્ષ અને 'Confederation of Indian Industry's National Committee on Food Processing' અંગેની રાષ્ટ્રીય સમિતિના અધ્યક્ષ 'પીરુઝ ખામ્બ્તા'એ જણાવ્યું હતું, "આપણી પોતાની અને કર્મચારીઓની સલામતી પણ ચિન્તાજનક છે. જો એક વ્યક્તિને ચેપ આવે તો આખા પ્લાન્ટનું શું થશે ?"**
- **COVID – 19 રોગને કારણે ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગમાં 50 ટકાથી વધુ કામદારોને છુટા કરવાની પરિસ્થિતિ ઉભી થઈ છે** અને કામદારોને આ પ્રકારની ચીમકીઓ પણ આપવામાં આવી છે.
- દેશની તમામ ખાદ્ય ઉત્પાદન કંપનીઓનું વેચાણ ઘટ્યું છે. આર્થિક નુકસાન વધ્યું છે. કેટલીક કંપનીઓના અસ્તિત્વ પર ખતરો મંડરાય રહ્યો છે. આવક ઘટાડાની અસરને લીધે આ ઉદ્યોગમાં હાલ રોકાણ ઘટ્યું છે. હોટલો, રેસ્ટોરાંઓ અને પ્રવાસન ઉદ્યોગ અસ્થાયી સમય માટે બંધ થયો હોવાથી ખાદ્ય ઉત્પાદનોની માંગ ઘટી છે.
- ફૂડ અને બેવરેજ, પેકેજ્ડ ફૂડ, ડેરી પ્રોડક્ટ્સ, અર્ધ તૈયાર ફૂડ પ્રોડક્ટ્સ વગેરે ઉદ્યોગમાં વેચાણ માટે સૌથી મોટો મુદ્દો હાલ ડિલીવરીનો બન્યો છે. ડિલીવરી ખર્ચ વધ્યો છે. ડેરી પેદાશોમાં દૂધ, દહીં, છાશ, ઘી જેવી વસ્તુઓની જ માંગ છે અને એ પણ ખુબ આછી. અન્ય માંગ નહીવત છે.
- આ ઉદ્યોગમાં મોટાભાગનો કાચોમાલ સ્થાનિક બજારોમાંથી આવે છે, પરંતુ હાલની લોકડાઉન સ્થિતિ અને COVID-19 રોગ(કોરોના)ના સંક્રમણના ડરને કારણે કાચામાલની અછત વધી છે
- આ ઉદ્યોગને હાલની પરિસ્થિતિમાં એકમો શરુ કરવાની યોગ્ય ગાઈડલાઈન્સ નથી. ઉત્પાદકો અમુક બાબતે મૂંજવણમાં છે. વળી, ગ્રાહકોનો વિશ્વાસ તૈયાર ખાદ્ય

ઉત્પાદનો પરથી ઓછો થયો છે. લોકો સાદા, સ્વાસ્થ્યપ્રદ અને ઘરના ભોજન તરફ વળ્યા છે જે આ ઉદ્યોગ માટે વિચારશીલ બાબત છે.

- હાલ ખાદ્ય ઉત્પાદનોને અને કાચામાલને લાંબો સમય સાચવવા ગોદામોની અને શીતગૃહોની વ્યવસ્થા અપૂરતી છે. રેફ્રીજરેશનની જરૂરિયાતવાળા તમામ ઉત્પાદનોને નુકસાન થયું છે.
- રસ, નાસ્તા અને અથાણાં બનાવતી કંપનીઓ લોકડાઉન પૂરું થવાની રાહમાં છે કારણ કે ત્યારબાદ જ સાચી પરિસ્થિતિનો તાગ મળે તેમ છે.
- કેટલીક અનિવાર્ય આયાતો હાલ બંધ હોવાથી ઉત્પાદનની અસ્થિરતા સર્જાય છે.

## 2. COVID-19 રોગ(કોરોના)ના લીધે સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગની ભવિષ્યની સ્થિતિ

વર્તમાન સમયમાં વિશ્વવ્યાપી COVID – 19 (કોરોના) રોગચાળાએ ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગ સામે કેટલાંક પડકાર ઊભાં કર્યા છે. જેની અસર ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગના ભવિષ્ય પર પડશે. અહી સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગના ભવિષ્ય પર પડનારી અસરને જ વર્ણવેલ છે જે બે રીતે જોઈ શકાય.

### 2.1 પડકારો

COVID – 19 (કોરોના) રોગચાળાને લીધે ભવિષ્યમાં ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગ સામે કેટલાંક પડકારો ઉભા થશે જેનો સામનો કરવો અનિવાર્ય બનશે. આ પડકારો આ મુજબ હોઈ શકે.

- આ ઉદ્યોગની હાલની ઘટતી માંગને વધારવા અલગ જ પ્રયત્નની જરૂર પડશે કારણ કે લોકોની ખોરાક અંગેની પસંદગી અને ધોરણો COVID – 19 (કોરોના) રોગચાળા પછી ઝડપથી બદલાયા છે. બદલાતી માંગ મુજબ ખાદ્ય ઉત્પાદનોમાં પરિવર્તન કેવું અને કેમ લાવવું એ આ ઉદ્યોગ માટે આગામી સમયનો સૌથી મોટો પડકાર હશે છતાં માગની અનિશ્ચિતતા તો ખરી જ.

- ખાદ્ય ઉત્પાદન અને પીણાં ઉદ્યોગમાં હાલ ગ્રાહકોનો પેકેજ્ડ ફૂડ, પીણાં, બેકરી પ્રોડક્ટ્સ, ડેરી પ્રોડક્ટ્સ વગેરે પરથી વિશ્વાસ ઘટી રહ્યો છે જેનું મુખ્ય કારણ COVID – 19 (કોરોના) રોગના સંક્રમણનો ભય જ છે. ગ્રાહકોનો વિશ્વાસ ફરીથી કઇ રીતે પ્રસ્થાપિત કરવો એ આ ઉદ્યોગ સમક્ષ બહુ મોટો પડકાર હશે.
- વર્તમાન સમયમાં COVID – 19 (કોરોના) રોગચાળાને કારણે થયેલ આર્થિક નુકસાન અને વિશ્વભરમાં લોકડાઉનની સ્થિતિમાં આ ઉદ્યોગનું મૂડીરોકાણનું માળખું બદલાય તે સંભવ છે. વળી, આ ઉદ્યોગને મૂડીરોકાણની માંગને પહોંચી વળવા સરકારના પ્રોત્સાહનની જરૂર રહેશે. આર્થિક તંગી અનુભવતી સરકાર કઇ પ્રકારના પ્રોત્સાહનો આપી શકાશે તે આગામી સમય જ નક્કી કરશે. ઉપરાંત કરવેરાના ફેરફારની સંભાવના પણ છે, જે મૂડીમાળખાને કઇ રીતે અસર કરશે તે જોવું રહ્યું.
- COVID – 19 (કોરોના) રોગચાળાને કારણે સ્વાસ્થ્ય અને તંદુરસ્તીને ધ્યાનમાં રાખીને સરકાર આ ઉદ્યોગ માટેના સ્વાસ્થ્ય ધારાધોરણોમાં ફેરફાર કરશે જ. આ ફેરફાર ક્યાં પ્રકારના હશે ? તેનાથી એકમના ખર્ચમાં કેટલો વધારો થશે ? આ ધારાધોરણ મુજબ એકમે ક્યાં પ્રકારના તકેદારીના પગલાં લેવા પડશે ? આ બાબતે આવનારો સમય જ પ્રકાશ પાડશે.
- COVID – 19 (કોરોના) રોગના સંક્રમણના ડરને કારણે લાખો પરપ્રાંતીય મજૂરો પોતાના વતનમાં ચાલ્યા ગયા છે જેથી મજૂર વ્યવસ્થાપનના પ્રશ્નો આગામી સમયમાં વધુ ગંભીર બને એવું સંભવી શકે. મજૂરોની અછત અને સ્વાસ્થ્યના ઊંચા ધોરણો ખાદ્ય ઉત્પાદન અને તેની પ્રક્રિયાને અવરોધશે.
- COVID – 19 (કોરોના) રોગના સંક્રમણના અટકાવ માટે એકમમાં કઇ કઇ સાવચેતી રાખવી ? કેવી નવીન વ્યવસ્થાઓ ઊભી કરવી ? આ બધું કરવા છતાં ચેપ લાગે તો સમગ્ર એકમને અને કામદારોને કઇ રીતે બચાવવા એ પડકાર હશે.
- ખાદ્ય ઉત્પાદન કંપનીઓ માટે COVID – 19 (કોરોના) પછીની તકેદારી કે અન્ય અસર કરતી બાબતોની સ્પષ્ટતા નથી. આ અંગે **'Food Safety and Standards Authority of India'** દ્વારા જે ધારાધોરણ આવે તેની અસરની વર્તમાનમાં આગાહી ન થઇ શકે. 31-03-2020ના આદેશોમાં પણ આગામી સમયમાં ફેરફાર થઇ શકે છે.

- ખાદ્ય ઉત્પાદન કંપનીઓ માટે FSSAI લાયસન્સ નોંધણીની પ્રક્રિયામાં લોકડાઉન પછી ક્યાં અને કેવા ફેરફાર લાવશે તે કહી શકાય તેમ નથી. આથી આવનારા સમયમાં આ ક્ષેત્રે નવા રોકાણ થાય તેની સંભાવના ઘણી ઓછી છે.
- લોકડાઉનના સમયગાળા દરમિયાન તમામ કર્મચારીઓને વેતન આપવું અને કામ પરથી દૂર ન કરવાના આદેશો ખાદ્ય ઉત્પાદન એકમોને ભવિષ્યમાં નાણાંકીય કટોકટીમાંથી પસાર થવા મજબૂર કરી શકે છે, જોકે આ બાબત આવનારો સમય જ નક્કી કરશે.
- COVID – 19 (કોરોના) રોગનો ફેલાવો ક્યારે અટકશે અથવા કેટલો ફેલાશે તે અનિશ્ચિત છે. આથી આ ઉદ્યોગના એકમોને કઇ રીતે આગળ વધવું તે અસમંજસ ઊભી કરનારું છે.
- લોકડાઉન પછીના પ્રથમ કવાર્ટરમાં આ ઉદ્યોગ પર સૌથી ખરાબ અસર જોવા મળી શકે તેમ છે. તેનાથી થતાં આર્થિક નુકસાનનું વ્યવસ્થાપન કરવું પડકારજનક છે. વળી, લોકડાઉન સમયનું સ્થિર ખર્ચ તો ખરું જ.
- લોકડાઉન દરમિયાન ફૂડ ડિલીવરી કરનારના COVID – 19 (કોરોના) સંક્રમણના સમાચાર પૂરા દેશમાં ફેલાયા છે તેવા સમયે ભવિષ્યમાં ગ્રાહકોની પ્રતિક્રિયા શું હશે તે જાણવું અતિ મુશ્કેલ છે.
- COVID – 19 (કોરોના) રોગના સંક્રમણના ભયે લોકો પર માનસિક અસર કરી છે. આથી વર્તમાન સ્થિતિ ભવિષ્યમાં શું બદલાવ લાવશે અને તે મુજબ ખાદ્ય ઉત્પાદન એકમોએ આગળ વધવા પડકારજનક ભૂમિકા ભજવવી પડશે.
- આ ઉદ્યોગે ગુણવત્તા અને સેવાની તેમની છાપને જાળવી રાખવા ચોક્કસપણે સંઘર્ષ કરવો પડશે.
- તમામ એકમોએ સામાજિક અંતર જાળવવું ફરજીયાત રહેશે કારણ કે કોઈ પણ બેદરકારી કે ઉતાવળા નિર્ણયો ભયાનક પરિસ્થિતિ અને માનવજીવનને ભયંકર ખતરા તરફ લઈ જઈ શકે છે. એકપણ ભૂલ મોટી ખોટનું કારણ બની શકે છે.

**2.2 તકો**

COVID – 19 (કોરોના) રોગચાળા પહેલાં ભારતીય ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગ ખૂબ ઉજ્જવળ ભાવી તરફ આગળ વધી રહ્યો હતો, પરંતુ COVID – 19 (કોરોના) રોગચાળા પછી આ ઉદ્યોગને પોતાના અસ્તિત્વ માટે જળમૂળથી પરિવર્તન કરવા પડે તેવી પરિસ્થિતિ ઊભી થઇ છે. આ કપરી પરિસ્થિતિને તકમાં ફેરવી શકાય તો આ ઉદ્યોગ એક અલગ જ આકાર લઇ શકે તેમ છે. સમયની જરૂરીયાતને ધ્યાનમાં રાખી આ ઉદ્યોગ કેટલાંક પરિવર્તનો પર ધ્યાન આપે તો સકારાત્મક પરિણામો ચોક્કસ મળશે જ. જેમકે...

- જો ખાદ્ય ઉત્પાદન એકમો આરોગ્ય અને સ્વચ્છતા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનું નક્કી કરે, કર્મચારીઓ શ્રેષ્ઠ સ્વચ્છતા પદ્ધતિઓનું પાલન કરે, FSSAIના સ્વચ્છતા, સ્વાસ્થ્ય અને તંદુરસ્તીના ધારાધોરણોને સમજીને COVID – 19 રોગના સંક્રમણને આ ઉદ્યોગમાં પ્રવેશવા ન દેવાની તકેદારી રાખે તો ભવિષ્યમાં એવા એકમોની પેદાશોની માંગ વધી શકે તેમ છે કારણ કે COVID – 19 રોગ ઘટયા પછી પણ લોકોની ખોરાક અંગેની માંગમાં સ્વચ્છતાનું સ્તર નોંધપાત્ર રહેશે.
- COVID – 19 રોગના સંક્રમણના ભયથી લોકોની માંગ ઘટી રહી હોય તેવા સમયમાં જો આ ઉદ્યોગ સંક્રમણ ન થાય તેવા સ્વાસ્થ્યપ્રદ ખોરાક આધારિત મેનુ અને સ્વચ્છતા સ્તર પર ધ્યાન કેન્દ્રિત કરશે તો આવનારા સમયમાં આવા એકમોના ઉત્પાદનોની માંગ વધશે અને આવા ઉત્પાદનો આકર્ષણનું કેન્દ્ર બનશે. જેમકે, આયુર્વેદ મુજબની ખોરાકની પેદાશો, ઓર્ગેનિક ખાદ્ય પેદાશો વગેરે.
- પરિસ્થિતિ કાબુમાં આવ્યા બાદ લોકો શાકાહારી અને તાજાં ખોરાકનો આગ્રહ વધારશે તેવું અનુમાન છે તેથી આ ઉદ્યોગના જે એકમો આ પ્રકારની પેદાશો પર ધ્યાન કેન્દ્રિત કરશે તેના માટે વિશેષ તકો દ્વારા ખખડાવતી હશે.
- આવનારા સમયમાં લોકો કોલ્ડ ફૂડની બદલે ગરમ ખોરાકને વધુ પસંદ કરી શકે છે, આ બાબતની નોંધ પણ ખાદ્ય ઉત્પાદન એકમોએ લેવી પડશે અને એ મુજબ જરૂરી ફેરફાર કરીને માંગને જાળવી શકાશે કે વધારી શકાશે.

- વર્તમાન સમયમાં આ ઉદ્યોગની સ્પષ્ટ બાજુ ન જોઇ શકાતી હોય પરંતુ લોકડાઉન પછીના દિવસોમાં તીવ્ર ઉછાળાની અપેક્ષાઓ છે. પેકેજ્ડ ફૂડ અને પેકેજ્ડ મસાલાની માંગમાં હાલમાં પણ વધારો થયો છે અને ભવિષ્યમાં પણ લોકસંસર્ગ ટાળવા માટે અને પોતાની ખોરાકની જરૂરીયાતને પહોંચી વળવા વધુ ખાદ્ય સામગ્રીની ખરીદી કરશે તેવું જણાઈ રહ્યું છે. આ બાબતને એક તક તરીકે ઝડપી આ ઉદ્યોગ પોતાનું ઉત્પાદન અને વેચાણ વધારી શકે તેમ છે.
- હાલમાં શાળાઓ, ડાઈનિંગ હોલ, હોટેલ, રેસ્ટોરાંઓ, કાફે, રીસોર્ટ, સિનેમા ઘરો, પ્રવાસન ઉદ્યોગ, વાહનવ્યવહારના માધ્યમો વગેરે બંધ હોવાથી માંગમાં કામચલાઉ ઘટડો હોઈ શકે. લોકડાઉન પછીના સમયમાં ઉપરોક્ત સેવાઓ શરુ થતાં ફરી ખાદ્ય ઉત્પાદનોની માંગમાં ઉછાળો આવી શકે તેમ છે.
- જે ખાદ્ય ઉત્પાદન એકમો વેચાણ માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઉત્પાદનો અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ડિલીવરી પૂરી પાડશે તેની માંગમાં વધારો થશે એવું હાલની પરિસ્થિતિ પરથી લાગી રહ્યું છે.
- **દિલ્હીના એક્ઝીક્યુટીવ શેફ જે. ડબલ્યુ. મેરીયોટ અને સંદીપ પાંડે કહે છે કે COVID – 19 – લોકડાઉન પછી લોકો નવી વસ્તુઓ શોધશે, પરંતુ તેમાં ચોક્કસપણે ગુણવત્તાયુક્ત ઉત્પાદનોને મહત્વ આપશે.** આથી આ ઉદ્યોગ તેમના ઉત્પાદનોમાં નવીનતા લાવીને, ગુણવત્તાના ઉચ્ચ ધોરણો અપનાવીને વિકાસની નવી તક ઊભી કરી શકશે.
- વર્તમાન સમયની ભાગદોડભરી વ્યસ્ત જિંદગીમાં COVID – 19 મહામારી પછી પણ લોકો હંમેશા માટે બહારનો ખોરાક બંધ કરી દેશે તેવું કહેવું અયોગ્ય છે. જોકે લોકો એ બાબતે વધુ જાગૃત બનશે. લોકો વધુ સારી, સ્વાસ્થ્યપ્રદ પેદાશો તરફ વળશે. તેથી ઉત્પાદકો ગ્રાહકના ખાદ્ય પેદાશોની માંગમાં આવતા પરિવર્તનો સમજીને આગળ વધશે તો આશા છે કે આ ઉદ્યોગ જરૂર આગળ વધશે જ.
- COVID – 19 રોગના ઉકેલ પછી પણ કાચી-તાજી હળદર, લીંબુ, લસણ, આદું, ખાટા ફળો જેવા આયુંર્વેદમાંથી ખોવાઇ ગયેલ તત્વો લોકોના રોજિંદા આહારનો ભાગ

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

બનશે. તેથી ખાદ્ય ઉત્પાદન એકમો આવી વસ્તુઓ આધારિત ઉત્પાદનો ગ્રાહક સુધી પહોચાડશે તો વિકાસની નવી દિશાઓ ખુલશે.

## ઉપસંહાર

ભારતીય સંગઠિત ખાદ્ય ઉત્પાદન ઉદ્યોગના ઉજ્જવળ ભાવિ સામે ખતરાની ઘંટી સમાન COVID – 19 (કોરોના વાઈરસ )રોગનું સંક્રમણ દિનપ્રતિદિન વધી રહ્યું છે, છતાં ઘોર અંધકારભરી રાત પણ એક સુંદર સવાર ચોક્કસ લાવે જ છે તેમ આ મહામારી પછી ફરી જનજીવન નવી આશાઓ સાથે શરુ થશે અને આ ઉદ્યોગ ખૂબજ ટૂંકાગાળામાં ફરી ધમધમી ઉઠશે એવું ચોક્કસ લાગી રહ્યું છે કેમ કે મારા દેશની આ ભલીભોળી જનતા ખાણીપીણીની ખૂબ શોખીન છે. નવા અવતાર સાથે આ ઉદ્યોગ ફરી નવા ઉત્પાદનો બજારમાં લાવશે. લોકોના સ્વાસ્થયને હાની ન પહોંચે એવી વાનગીઓ અને ખાદ્ય પેદાશો આવનારા સમયનું ખોરાકનું આકર્ષણ બનશે.

## સંદર્ભો

**નવગુજરાત સમય, અમદાવાદ. 1 મે, 2020**

www-outlookindia-com.cdn.ampproject.org

www-thehindubusinessline-com.ampproject.org

www.foodnavigator-asia.com/Article/2020/03/24/COVID-19

www.mondaq.com

www.just-food.com